| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ: | ૧૩/૦૫/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ: | ૧૩/૦૫/૨૦૨૨ |
| નિર્ણય તારીખ: | ૦૮/૦૭/૨૦૨૬ |
| સમયગાળો : | દિ.૨૫,માસ:૦૧, વર્ષ:૦૪ |

---

---

**જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મું.ઓખામંડળ.**

---

---

ફોજદારી કેસ નં.૮૧૨/૨૦૨૨
આંક-૯૮

શ્રી સરકાર ... ફરીયાદી

**વિરુધ્ધ**

(૧) હાજાભા પાલાભા સુમણીયા
ઉ.વ.૨૬, ધંધો-ખેતી,
રહે. આરંભડા સીમ કૃષ્ણ નગર સોસાયટી,
તા.દ્વારકા. જી.દેવભુમી દ્વારકા.

(૨) સુનીલભા ઉર્ફે ભારાભા સુમણીયા
ઉ.વ.૨૬, ધંધો-ખેતી,
રહે.ગઢેચી ગામ વાડી વિસ્તાર
તા.દ્વારકા. જી.દેવભુમી દ્વારકા.

(૩) સામરાભા ભીખાભા વાઘા
ઉ.વ.૨૬, ધંધો-ડ્રાઈવીંગ,
રહે.સુરજકરાડી શકિતનગર પાડલી રોડ
તા.દ્વારકા. જી.દેવભુમી દ્વારકા.

(૪) મનોજ આશાભા ચમડીયા
ઉ.વ.૨૨, ધંધો–કલીનર,
રહે.ભીમરાણા ગામ રીલાઈંસ પેટ્રોલ
પંપ પાછળ

(૫) આબીદભાઈ હબીબભાઈ વાલુકડા
ઉ.વ.૩૯, ધંધો–સર્વીસ સ્ટેશનનો ,
રહે.જય અંબે સોસાયટી આરંભડા સીમ
તા.દ્વારકા. જી.દેવભુમી દ્વારકા.

(૬) રાજપારભા જીવાભા સુમણીયા
ઉ.વ.૨૫, ધંધો–ખેતી,
રહે.કશુંબા ગામ માંઢડી વાડી વિસ્તાર
તા.દ્વારકા. જી.દેવભુમી દ્વારકા.

(૭) રાજેશભા ગાભામા માણેક
ઉ.વ.૨૧, ધંધો–ખેતી,
રહે.મુળવેલ ગામ વાડી વિસ્તાર.
તા.દ્વારકા. જી.દેવભુમી દ્વારકા.

(૮) જયસુખકુમાર રામજીભાઈ મંડોરા
ઉ.વ.૩૯, ધંધો–એકસ આર્મીમેન,
રહે.સુરજકરાડી ઉધોગનગર રામાપીર
ના મંદીર પાસે, તા.દ્વારકા.
જી.દેવભુમી દ્વારકા. ...આરોપીઓ

---

ગુનો: ઈ.પી.કો.કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૪૫૨,
૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫
(૧)મુજબ.

---

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી.પી.જે.માજીરાણા

આરોપીઓ તરફે વિ.વ.શ્રી.એમ.એ.ડાયેગ્રા

**-::ઠ રા વ::-**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ગઈ તા.૨૦/૦૯/૨૦ ના કલાક:૨૨/૦૦ ના સુમારે તથા તા.૨૧/૦૯/૨૦ ક.૧૩/૩૦ વાગ્યાના સુમારે આ કામના આરોપી નં. ૧ તથા ૨ ને ફરીયાદીના કાકાના દિકરા સાથે બોલાચાલી થયેલ હતી અને સમાધાન બાબતે મન દુ:ખ થતા આ કામના તમામ આરોપીઓએ એક સંપ થઈ ગે. કા.મંડળી રચી પાઈપ,ધોકા જેવા હથિયાર ધારણ કરી મો.સા. પર આવી પ્રથમ સાહેદ ધર્મેન્દ્રસિંહને જેમ ફાવે તેમ માર મારી મુંઢ ઈજા કરી ત્યારબાદ આ કામના ફરીયાદીની હોટલમાં પ્રવેશ કરી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો કાઢી પાઈપ તથા લાકડાના ધોકા વડે આડેધડ મારી ફરી. ને શરીરે મુંઢ તથા હાથની આંગળીમાં ફ્રેકચર જેવી ઈજા કરી ફરીયાદીના હોટેલના દરવાજા તથા બારીના કાચ તથા ખુરશીઓ ધોકા વડે તોડી નુકશાન કરી તમામ આરોપીઓએ મે.ડી.એમ.સા.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગારી કરી,ઈ. પી. કો. કલમ- ૩૨૩,૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭, ૪૫૨, ૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧)મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) સદરહું ફરિયાદ મીઠાપુર પો. સ્ટે.પાર્ટ''એ''ગુ.ર.નં.૧૧૧૮૫૦૦ ૫૨૦૧૦૪૧/૨૦ થી નોંધી લેવામાં આવેલ.ત્યારબાદ ત.ક. અમલદારે ગુનાની તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની

અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૩) આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થતાં ક્રિ.પ્રો.કોડ કલમ– ૨૦૭ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કરવામાં આવેલી. ત્યારબાદ આરોપીઓ સામે આંક–૫૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫૫ થી ૬૨ સુધી પ્લી રેકર્ડ કરતા, આરોપીઓએ તેમની સામેનો આક્ષેપ કબુલ નહી હોવાનું જણાવતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિકમાં પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**::– મૌખિક પુરાવા –::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી પ્રદિપસિંહ બળવંતસિંહ વાઢેરની સોગંદ ઉપરની જુબાની | ૬૮ |
| ૨. | સાહેદ ધર્મેન્દ્રસિંહ વાઢેરની સોગંદ ઉપરની જુબાની | ૮૦ |

**::– દસ્તાવેજી પુરાવા –::**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૬૯ |
| ૨. | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૮૧ |

| | | |
|---|---|---|
| ૩. | આરોપીઓના અટક પંચનામા | ૮૨ થી૮૪ |
| ૪. | પ્રદિપસિંહ વાઢેરનું એમ.એલ.સી.સર્ટી | ૮૫,૮૬ |
| ૫. | ધર્મરાજસિંહ વાઢેરનું એમ.એલ.સી.સર્ટી | ૮૭ |
| ૬. | જાહેરનામાની ખરી નકલ | ૮૮ |
| ૭. | ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ | ૮૯ |

(૫) ત્યારબાદ ક્રિ.પ્રો.કો.ક.૩૧૩હેઠળ આરોપીઓનો(એફ. એસ.) લેવા પાત્ર વિશેષ નિવેદન લેવા પાત્ર કેસ જણાતો ન હોવાથી આરોપી ઓનું વિશેષ નિવેદન લીધેલ નથી.ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ. પી.પી. શ્રી. પી. જે. માજીરાણા તથા બચાવપક્ષતરફે વિ.વ.શ્રી.એમ. એ.ડાયેગ્રાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દા:-**

(૧) શું ફરિયાદ પક્ષ નિ: શંકપણે સાબિત કરે છે કે,ગઈ તા.૨૦ /૦૯/૨૦ ના કલાક:૨૨/૦૦ ના સુમારે તથા તા.૨૧ /૦૯/૨૦ ક.૧૩/૩૦ વાગ્યાના સુમારે આ કામના આરોપી નં. ૧ તથા ૨ ને ફરીયાદીના કાકાના દિકરા સાથે બોલાચાલી થયેલ હતી અને સમાધાન બાબતે મન દુ:ખ થતા આ કામના તમામ આરોપીઓએ એકસંપ થઈ ગે.કા.મંડળી રચી પાઈપ,ધોકા

જેવા હથિયાર ધારણ કરી મો.સા. પર આવી પ્રથમ સાહેદ ધર્મેન્દ્ધસિંહને જેમ ફાવેતેમ માર મારી મુંઢ ઈજા કરી ત્યારબાદ આ કામના ફરીયાદીની હોટલમાં પ્રવેશ કરી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો કાઢી પાઈપ તથા લાકડાના ધોકા વડે આડેધડ મારી ફરી. ને શરીરે મુંઢ તથા હાથની આંગળીમાં ફેકચર જેવી ઈજા કરી ફરીયાદીના હોટેલના દરવાજા તથા બારીના કાચ તથા ખુરશીઓ ધોકા વડે તોડી નુકશાન કરી તમામ આરોપીઓએ મે. ડી. એમ. સા.ના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદ ગારી કરી,ઈ.પી. કો. કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪, ૫૦૬(૨), ૪૨૭, ૪૫૨, ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના મારા ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.
૨. આખરી નિર્ણય મુજબ.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧:–**

(૮) ભારતમાં પ્રવર્તમાન ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાતો પ્રમાણે પ્રોસીકયુશન

ને પોતાનો કેસ આરોપીઓ વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કેસ આરોપીઓ વિરુધ્ધ ની:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરિયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો હોય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે,સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં.

(૯) આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાઓનો આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હા સામે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આંક.૬૮ થી ફરીયાદી પ્રદિપસિંહ બળવંતસિંહ વાઢેર તથા આંક-૮૦ થી સાહેદ ધર્મેન્દ્રસિંહ ધનશ્યામસિંહ વાઢેરનાઓને તપાસેલ છે.તેઓ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપતા ન હોય જેથી એ. પી.પી.શ્રી ની હોસ્ટાઈલ જાહેર કરવાની મૌખિક વિનંતીથી સદરહું સાહેદ ની એવીડન્સ એકટની કલમ-૧૫૪ મુજબ ઉ.ત.કરવાની પરવાનગી

આપતા તેઓ તેમની ઉ.ત.માં જણાવે છે કે એ વાત ખરી છે કે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી છે તે સિવાય બીજું કાંઈ બનેલ નથી કે હથિયાર વડે ઈજા થયેલી. એ વાત ખરી છે કે ઝપાઝપામાં પડી જવાથી તેઓને ઈજા કરેલી.

આ કામે આંક–૮૧ થી સ્થાનિક જગ્યાનું પંચનામું તથા આંક –૮૨ થી ૮૪ સુધી આરોપીઓના અટક પંચનામાઓ રજુ થયેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તે બંને પંચનામાઓનો સ્પષ્ટ પુરાવો આપી પુરવાર કરી શકેલ નથી તેમજ આંક–૮૫ થી ૮૬ સુધી પ્રદિપસિંહ વાઢેરનું એમ.એલ.સી.સર્ટી તેમજ આંક–૮૭ થી ધર્મરાજસિંહ વાઢેરનું એમ.એલ. સી. સર્ટીનું સર્ટી રજુ થયેલ છે, પરંતુ એમ. એલ.સી.સર્ટી પ્રમાણેની ઈજાઓ થયેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ આંક–૮૮ થી જાહેરનામાની ખરી નકલ રજુ કરેલ છે.ઉપરોકત તમામ દસ્તાવેજીને માત્ર આંક આપવામાં આવેલ છે.પરંતુ ફરીયાદ પક્ષ સ્પષ્ટ પુરાવો રજુ કરી પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

(૧૦) આમ હાલના આરોપીઓ વિરૂધ્ધ આ ગુનાના કામે સંડોવાતો માનવા લાયક પુરાવો રજૂ થયેલ નથી તેમજ સદર ગુનામાં આ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ, તે વ્યાજબી શંકાથી પર ફરિયાદ પક્ષે પુરવાર કરેલ નથી,તેમજ રેકોર્ડ ઉપર લાવેલ નથી. ફરિયાદ પક્ષે તેનો કેસ સબળ અને વિશ્વસનિય પુરાવાઓથી પુરવાર કરવાનો હોય છે,જયારે ફરિયાદ

પક્ષના કેસમાં વ્યાજબી શંકાથી ઉપસ્થિત થતી હોય, તો તેનો લાભ આરોપીઓને આપવાનો હોય છે, ફરિયાદ પક્ષે જે મુજબ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપો કરેલા હોય, તે અંગેનો પુરાવો પૂરો પાડવાની જવાબદારી ફરિયાદપક્ષની છે અને તે કેસનાં કોઈપણ તબકકે ઓછી થતી નથી. ફોજદારી પ્રક્રિયાનો પ્રારંભ આરોપીઓ નિર્દોષ છે, તેવા અનુમાન સાથે કરવામાં આવે છે, તે પણ નોંધવું જરૂરી છે.

(૧૧) પ્રોસીકયુશન ધ્વારા પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવા માટે આ કામે ફરીયાદી તથા સાહેદોને તપાસવામાં આવેલા. તેઓએ પ્રોસીકયુશન કેસને સમર્થન કરતી જુબાની પુરી પાડેલ નથી આમ ફરીયાદી તથા સાહેદોની જુબાની ધ્યાને લેતાં તથા તમામ પુરાવાઓ ધ્યાને લેતાં એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી કે,આરોપીઓએ કલમ–ઈ.પી.કો.કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૪૫૨, ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)મુજબ નો ગુન્હો કરેલ હોય. જે સંબંધે રેકર્ડ પરના પુરાવાઓ જોવામાં આવે તો, ફરીયાદી તથા સાહેદોની જુબાની જોતાં, તેઓએ પોતાની જુબાનીમાં એવી કોઈ હકીકત જણાવતાં નથી કે જેથી આરોપીઓને ઈ.પી.કો.કલમ –૩૨૩,૩૨૪, ૩૨૫, ૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૪૫૨,૧૪૩,૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)મુજબ તકસીરવાન ઠરાવી શકાય.

(૧૨) આમ સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષ આરોપી ઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સફળ રહેલ નથી. ઈ.પી. કો.કલમ–૩૨૩, ૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૪૫૨,૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯ તથા જી. પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ રજુ થયેલ પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી (૧) હાજાભા પાલાભા સુમણીયા (૨) સુનીલભા ઉર્ફે ભારાભા સુમણીયા (૩) સામરાભા ભીખાભા વાઘા (૪) મનોજ આશાભા ચમડીયા (૫) આબીદભાઈ હબીબભાઈ વાલુકડા (૬) રાજપારભા જીવાભા સુમણીયા (૭) રાજેશભા ગાભામા માણેક (૮) જયસુખકુમાર રામજીભાઈ મંડોરાનાઓને ઈ. પી. કો. કલમ– ઈ.પી. કો. કલમ– ૩૨૩, ૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૪૨૭,૪૫૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧)મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના ક્રિ.પ્રો.કોડની ક.૪૩૭ (એ)અન્વયે આગલા જામીન ચાલું રાખવાનો હુકમ કરવામાં કરવામાં આવે છે.

(૩) આ કામે મુદ્દામાલ લાકડાના ધોકો તથા લોખંડના પાઈપનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮ મી માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ:ઓખા મંડળ.
તા.૦૮/૦૭/૨૦૨૬

**(વિમલ પ્રદીપકુમાર આચાર્ય )**
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઓખામંડળ.
**(જજ કોડ નં.જીજે–૦૧૪૭૫)**

સ્ટેનોગ્રાફર:–રેખા.એ.ગોઢાણીયા.